N.D.P.S. ના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેર વિસ્તારમાં એસ.ઓ.જી. ના પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે વખતે ASI મો.મુનાફ ગુલામરસુલ, તથા PC રાજેષ પીતામ્બરભાઈ નાઓએ બાતમી મળેલ કે, “ભરૂચ શહેર પોલીસ સ્ટેશન હદમાંથી એક મહીના પહેલા એક આરોપી ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલ હતા અને આ ગાંજાનો જથ્થો આરોપી નટવર ઉર્ફે નટુભાઈ સામજીભાઈ પ્રજાપતી ઉ.વ.૬૦ રહે. ફ્લેટ નં.સી./૩૦૩, સહયોગ પાર્ક એપા. માન સરોવર સર્કલ પાસે અમરોલી, સુરત મુળ રહે. રાળી ગામ તા.કુંડલા જિ. અમરેલી નાએ આપેલ હતો અને તે આ ગુન્હામાં છેલ્લા એક મહીનાથી નાસતો ફરતો હોય અને હાલ આ આરોપી નવસારી બજાર રાજકુમાર બંગલા પાસે ઉભો હોય” વિગેરે હકીકત આધારે એસ.ઓ.જી.ના માણસોએ નવસારી બજાર રાહકુમાર બંગલા પાસે વોચ ગોઠવી ઉપરોક્ત આરોપીને ઝડપી પાડી, મજકુર આરોપીની પુછ-પરછ કરતા આશરે એકાદ મહીના પહેલા તેની પાસેથી ભરૂચ જંબુસર રોડ બાયપાસ ચોકડી પાસે રહેતો સલાઉદ્દીન ઉર્ફે ફારૂક ગાંજાનો જથ્થો લઈ ગયેલ હતો અને તે પોલીસના હાથે ચરસના જથ્થા સાથે ઝડપાઈ ગયેલ હતો અને જે ગુન્હમાં પોતે પોલીસથી બચવા નાસતો ફરતો હોવાનુ જણાવતા આ બાબતે ખાત્રી કરતા મજકુર આરોપી ભરૂચ શહેર સી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ બી –૧૧૧૯૯૦૦૧૨૦૦૦૫૯ એન.ડી.પી.એસ. એક્ટ કલમ ૨૦(બી), ૮(સી), ૨૯ મુજબના ગુનામાં નાસતા ફરતો હોવાનુ જણાઈ આવતા આરોપીને પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.